
# વક્ત હૈ નાજુક, તંગ હે જમાના, તુમ્હે ઉધાર દે કે, હમે ક્યાં કમાના!




## ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

યાદશક્તિ વિકસાવવા માટે મેમરી પાવરના ક્લાસીસ ભરવાની કોઈ જરૂર નથી. યાદશક્તિ સતેજ બનાવવાનો ઉત્તમ અને સહજ રસ્તો છે. 'ઉધાર આપવુ કે કોઈને નાણા ઉછીના આપવા!'આમાં આપનાર અને લેનાર બંનેની યાદશક્તિ ખીલે છે. પેલો પૈસા ઉછીના લઈ ગયો છે તે આપનાર હંમેશા યાદ રાખે છે આમ છતાં આપનાર જ્યારે ઉઘરાણી કરે ત્યારે લેનાર ઘણીવાર એવો આશ્ચર્યજનક પ્રશ્નપ્રયોગ કરે કે અરે તમારી પાસેથી ઉધાર અને હું? ક્યારે? શું? કંઈ યાદ આવતું નથી. તમારી કંઈક ભૂલ થતી લાગે છે!'આવું સાંભળે ત્યારે ઉધાર આપનારને થાય છે કે 'હા ભૂલ તો થઈ જ છે!'ઉપરના પ્રશ્નપ્રયોગોનો અર્થ એવો નથી કે લેનાર ખરેખર ભૂલી ગયો છે. તે તો આપનારની યાદશક્તિને કસોટીની એરણે ચડાવે છે. ઉધાર આપવાથી ત્યાગવૃત્તિ ખીલે છે. (અને આપનાર આખેઆખો કરમાઈ જાય છે!) કારણ કે તેમાં ઘણીવાર ત્યાગ કરવાની પણ નોબત આવે છે. ત્યાગ હોય ત્યાં વૈરાગ તો આપોઆપ પ્રગટે જ! આમ આપનારે ત્યાગ કર્યા પછી એટલે કે 'માંડી વાળ્યા પછી'કે 'નાહી નાખ્યા પછી'તેણે જે કાંઈ ઉધાર આપ્યું હોય તે તથા તેના લેનાર પ્રત્યે વૈરાગ પ્રગટે છે. એવી જ રીતે લેનાર પણ નાણાં ન ચૂકવી શકવાને કારણે તે વેપારીનો અને દુકાનનો ત્યાગ કરે છે. આમ તેને પણ વેપારી પ્રત્યે વૈરાગ જાગે છે. પછી તે બીજું 'ઠેકાણું'શોધે છે અને ત્યાં જે મળે તેને ઠેકાણે પાડી દે છે. ધીરજપૂર્વક ઊંડા ઉતરો તો ઉધાર આપવું તે ત્યાગ અને વૈરાગનો આધ્યાત્મિક માર્ગ છે તે સમજાય! જોકે ઉધાર લેનાર કદી નાણાં ચૂકવવાની ના પાડતો જ નથી. તે તો 'દૂધે ધોઈને'નાણાં ચૂકવવાનું વચન આપે છે. તેના માટે દૂધ પણ ઉધાર શોધે છે. ઉધાર આપવાથી બંને પક્ષે ઓળખાણ વધે છે. ઓળખાણ એક એવી ખાણ છે કે તેમાં પડ્યા પછી કેટલાક જિંદગી પર્યંત બહાર નીકળી શકતા નથી.

ઘણીવાર નાણાં ઉધાર લેનાર એવું બોલતો હોય છે કે 'મેં ફલાણાભાઈ પાસેથી 'થોડા-ઘણા'નાણા ઉછીના લીધા છે.'તેમાં 'થોડા-ઘણા'નો અર્થ એવો છે કે નાણા આપનારની દ્રષ્ટિએ 'ઘણા'છે. છતાં લેનારની દ્રષ્ટિએ 'થોડા'જ છે. એવી જ રીતે ઉધાર આપનાર વેપારી શરૂઆતમાં લેનારને નખશીખ સજ્જન લાગે છે. પણ જ્યારે આપનાર પોતાના નાણા પુનઃ પ્રાપ્ત કરવાના 'શંનિષ્ઠ'(એટલે શનિ ગ્રહ જેવી નિષ્ઠાથી!) પ્રયાસો કરે છે. ત્યારે તેમાં દુર્જનના દર્શન થાય છે. કવિ શ્રી કલાપીએ કહ્યું છે કે 'સૌંદર્ય પામતા પહેલા સુંદર બનવું પડે.'(અને 'પાંજરું પામતા પહેલા ઉંદર બનવું પડે.') તેમ ઉધાર આપતા પહેલા ઉદાર બનવું પડે. આમ ઉધાર આપવું અને લેવું બંને હિંમતના કામ છે. એમાં આપવું તે તો જબરી હિંમત માગી લે છે. આજકાલ આપણા દેશમાં ઉધાર જ સૌનો આધાર છે. તેથી હવે કોઈ નિરાધાર નથી. ઉધાર આપવું એ એક માનવીનો બીજા માનવી દ્વારા થયેલો (દુઃખદ) સ્વીકાર છે માનવતાનું સન્માન છે.

**પેલો પૈસા ઉછીના લઈ ગયો છે તે આપનાર હંમેશા યાદ રાખે છે આમ છતાં આપનાર જ્યારે ઉઘરાણી કરે ત્યારે લેનાર ઘણીવાર એવો આશ્ચર્યજનક પ્રશ્નપ્રયોગ કરે કે અરે તમારી પાસેથી ઉધાર અને હું? ક્યારે? શું? કંઈ યાદ આવતું નથી**

આપણા ભક્ત કવિઓએ ભક્તિને 'ખાંડાની ધાર'કહી છે. તેમ ઉધાર આપવું તે પણ ખાંડાની ધાર છે અને તે પાછી બેધારી તલવાર છે. વારાફરતી બેઉ પક્ષને કષ્ટ આપે છે. છતાં જેમ ભક્તો ગમે તેટલા કષ્ટો સહન કરવા છતાં ભક્તિમાર્ગમાંથી વિચલિત થતા નથી. ( અહીં 'ભક્તો'એટલે 2014 પહેલાના!) એવી જ રીતે ઉધારી કરનારા પણ પોતાના માર્ગમાંથી વિચલિત થતા નથી. ઊલટાના મક્કમ બને છે, ઘડાય છે. સતત મહાવરાને કારણે તેમનામાં ઉધારનો આત્મવિશ્વાસ પ્રગટે છે. આજે જ્યાં જ્યાં નજર કરો ત્યાં માણસ ખાંડાની ધાર પર એટલે કે ઉધાર ધાર પર છપ્પનની છાતીએ ચાલતો દેખાય છે. કવિ શ્રી કલાપીએ આ સમયમાં 'જ્યાં જ્યાં નજર મારી ઠરે'રચ્યું હોત તો તેમાં ઉધારીનો ઉલ્લેખ અચૂક હોત. તમે નહીં માનો બાકી આપણા શરીરના રુધિરાભિસરણતંત્રને અને ઉધારીકરણને સીધો સંબંધ છે. એમાં આપનાર લેનાર બંનેનું રુધિર ભ્રમણ ગતિશીલ બને છે. રુધિરની ગતિને કારણે મનુષ્ય ખુદ ગતિશીલ બને છે. અને ગતિએ જ જીવન છે. ઉધારીકરણ બંને પક્ષોને ચેતના (-વેદના) બક્ષે છે. તેના કારણે સૂતો હોય તે બેઠો થાય છે, બેઠો હોય તે ઊભો થાય છે, ઊભો હોય તે દોડતો થાય છે અને દોડતો હોય તે ક્યારેક એવો પડી જાય છે કે જિંદગીભર બેઠો થઈ શકતો નથી. ઉધાર આપનાર જન્મજાત ઉદાર હોય છે. ઉધારીકરણથી તેજસ્વિતા વધે છે. ઉધારીકરણની વૃત્તિ માત્ર મનુષ્યમાં જ નહીં સમગ્ર બ્રહ્માંડમાં પણ વ્યાપેલી છે. તેના ઝળહળતા ઉદાહરણો આપણને યુગોથી જોવા મળે છે. જુઓ, આકાશમાં રાત્રે ચમકતો ચંદ્ર પણ સૂર્યનું તે જ ઉધાર લઈને પ્રકાશે છે. છતાં સૂર્ય કરતાં સુંદર ભાસે છે. ચંદ્ર શીતળ છે આમ ઉધાર લેનાર શીતળ અને આપનાર ઉષ્ણ બને છે. ભોળા પૃથ્વીવાસીઓ ઉધારના ઉજાસ પર ચમકતા ચંદ્રને 'ચાંદામામા'જેવા વહાલભર્યા સંબોધનથી સંબોધે છે. ખરેખર તો ચંદ્ર આપણને બધાને 'મામા'બનાવે છે. ચંદ્ર પર તો કંઈક ખાડા ટેકરા 'ને ખીણો છે. તે સુંદર નથી અને સ્વયં પ્રકાશિત પણ નથી. છતાં કેટલો તેજસ્વી અને પ્રસન્ન દેખાય છે. આમ ઉધારીકરણમાં તેજસ્વિતા અનિવાર્ય છે. કારણ કે જો તમે તેજસ્વી દેખાતા હશો (ભલે હો નહીં!) તો જ કોઈ ઉધાર આપશે. નવે નવ ગ્રહો આ બાબતને અનુસરે છે. એટલે જ સૂર્યનારાયણે પોતાને ત્યાં કોઈ પણ જાતની જામીનગીરી વગર તેમને ખાતા પાડી આપ્યા છે અને જોઈએ તેટલું તેજ કાયમ ઉધાર આપ્યા જ કરે છે. તેથી જ ગ્રહો સૂર્યની આસપાસ નિશ્ચિત ભ્રમણ કક્ષામાં ભમ્યા કરે છે. આમ જ્યાંથી ઉધાર લેતા હોઈએ અને જોઈએ ત્યારે મળી રહેતું હોય ત્યાં કેટલાક માણસો નિશ્ચિત ભ્રમણ કક્ષામાં રહે છે. એટલે કે તેની આજુબાજુ ફર્યા કરે છે પણ પૃથ્વી ગ્રહ પરના માનવીઓ ચંદ્ર અને ગ્રહોથી એક કદમ આગળ છે. તેને ઉધાર મેળવવું હોય ત્યાં સુધી નિશ્ચિત ભ્રમણ કક્ષામાં ભમે છે પણ મળી ગયા પછી ભ્રમણકક્ષા છોડીને અદ્રશ્ય થઈ જાય છે. અને આપનારનો ભ્રમ ભાંગી જાય છે તેથી આપનાર ખુદ તેને શોધવા ભ્રમણ કરતો થઈ જાય છે.

અર્થશાસ્ત્રીઓ કહે છે કે મૂડી જેટલી વધુ ઝડપથી ફરે તેટલું અર્થતંત્ર સક્રિય થાય અને વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે. જેમ કે ઉધાર લીધેલા નાણા ચુકવવા માટે બીજેથી ઉધાર લેવા પડે. આમ મૂડી સક્રિય બને છે આ રીતે નાણા લેવામાં આપણે જરાય સંકોચ અનુભવવાની જરૂર નથી. કારણ કે વિશ્વગુરુ બનવા થનગની રહેલા ભારત દેશે પણ વિદેશો પાસેથી લોનો લીધેલી છે અને દેશ માથે દેવું આ..ઘ..ઘ..ઘ..છે. લોનો ચૂકવવા માટે નહીં પણ ફક્ત તેનું વ્યાજ ચૂકવવા માટે લોનો લે છે. આમ 'જ્યોત સે જ્યોત જગાતે ચલો'ની જેમ 'લોન સે લોન ભરાતે ચલો'ચાલે છે.વળી ઉધાર આપનાર ઉઘરાણી માટે અને લેનારને પલાયન થવા માટે સક્રિય થાય છે. ત્યારે રિક્ષા, બાઇક, સ્કૂટર,કાર કે અન્ય વાહનો દોડે, પેટ્રોલ વપરાય, ફોના ફોની થાય, સોપારીઓ અપાય. આવી આનુષંગિક ક્રિયાઓથી મૂડી ગતિશીલ બને છે. અને વાતાવરણ જીવંત બને છે. આપણે ત્યાં એક નકારાત્મક બાબત વારંવાર વિચારવામાં આવે છે કે 'ઉધાર આપનારી ઘણી બધી પેઢીઓ ઊઠી ગઈ છે.'પણ કદી એ વિચાર્યું છે કે ઉધાર થકી કેટકેટલી પેઢીઓ શરૂ થઈ છે. (પછી ભલે ઊઠી ગઈ હોય!) આપણે ત્યાં તો પુરાતનકાળથી ઉધારીની ભારપૂર્વક હિમાયત કરવામાં આવી છે. આપણા મહાન ઋષિ ચાર્વાકે કહ્યું છે કે 'દેવું કરીને પણ ઘી પીઓ'('પછી દેવું ભરી દો'એવું પણ કહ્યું 'તું. પણ તે તો આપણે સાંભળ્યું જ નહીં!) આજે આ સૂત્રનો ભરપૂર અમલ થાય છે. ફક્ત તેમાં પીવાનો પદાર્થ બદલાઈ ગયો છે.

એક સમય એવો હતો કે ઉધાર શબ્દ બોલીએ તો બેંકો પગથિયું ન ચડવા દેતી. એ જ બેંકો આજે નાણા કે ચીજ વસ્તુઓ ઉધાર આપવા આપણા ઘર સુધી આવે છે અને મીઠા મધુર અવાજે ફોન કરે/કરાવે છે. તેથી એક આખો હપ્તાયુગ શરૂ થયો છે. આજનો યુગ કળિયુગ નહીં પણ હપ્તાયુગ છે. (કળિયુગ તો અમે સદેહે જોયો છે!) તેથી તુલસીદાસજીએ કહેલો દોહો તેમની ક્ષમાયાચના સાથે કહી શકાય કે.

તુલસી ઇતના દિજીએ,
જાં મેં હપ્તા ભરાય,
કોઈ હપ્તા બાકી ના રહે,
કોઈ હપ્તા ન ખાલી જાય.

કેટલાક દુકાનદારોએ પ્રથમ નજરે ચશ્મા વગર જ દરેક માણસ વાંચી શકે એવું મોટા અક્ષરે બોર્ડ માર્યું હોય છે કે 'ઉધાર માગીને શરમાવશો નહીં.'એક દુકાનદારે તો આનાથી આગળ વધીને અનોખું બોર્ડ માર્યું હતું 'ઉધાર માંગશો નહીં, કારણ કે અમે ય લોન લીધી છે!'આમ છતાં પણ ઉધાર માગનારા કોશિશ તો ચાલુ જ રાખે છે. તેઓ માને છે કે 'વાદે અકસર તૂટ જાતે હૈ, કોશિષે કામયાબ હોતી હૈ.'આવા ગ્રાહકોથી બચવા કેટલાક દુકાનદારોએ શેર શાયરી થકી કડવું સત્ય ઉધારીયાઓને મોઢે ઝાપટ્યું છે.

'વક્ત હૈ નાજુક તંગ હે જમાના,
તુમ્હે ઉધાર દે કે હમે ક્યાં કમાના!'

આમ છતાં કેટલાક લોકો બી.એડ પદ્ધતિથી દુકાનદારને વિષયાભિમુખ કરવા માટે કહે છે, 'અરે વાહ શેઠ! બાકી તમે શાયરી બહુ મસ્ત લખી છે હો!'આમ કહી કુશળતાપૂર્વક નવો નાતો જોડી અને પછી મિત્ર ભાવે ક્યારે ઉધાર લઈને જતો રહે તે દુકાનદારને ખબરેય રહેતી નથી. એ તો દિવાળીએ ઉઘરાણીનો ચોપડો જુએ ત્યારે ખબર પડે અમુક કલાકારો શાયરીનો દુરૂપયોગ કરીને પણ કળા કરી ગયા છે ખરા!

### ગરમાગરમ:-

સિર્ફ હંગામા ખડા કરના મેરા મકસદ નહીં, મેરી કોશિશ હૈ કી યે સૂરત બદલની ચાહિયે.

મેરે સીને મેં નહિ તો તેરે સીને મેં સહી,
હો કહીભી આગ લેકિન આગ જલની ચાહિયે.
( દુષ્યંતકુમાર)